Most Important
It's the question of our survival.
The letter mentioned below is in Gujarati.

તા.૨૩/૦૩/૨૦૧૮

પ્રિય મિત્ર,

આજે મારે તને જણાવવાનું છે કે, હું પણ તારી જેમ જ ગુજરાત સરકારની ૨૦૧૩ની ભરતીમાં પસંદગી પામેલ અને ગુજરાત સરકારમાં કાર્યરત વર્ગ ૩ નો કર્મચારી છું. અને મારે પણ તારી જેમ જ ભારત સરકારનાં 'કર્મચારી ભવિષ્ય નિધિ અને પેન્શન'નાં નિયમો અનુસાર સી.પી.એફ. (N.P.S.)નાં લાભ મળવાપાત્ર છે.

તાજેતરમાં જ વોટ્સઅપ પર એક મેસેજ ફરતો થયેલો છે. જેમાં ઇસરોના રીટાયર્ડ વૈજ્ઞાનિક દ્વારા દાખલ કરાયેલ પી.આઇ.એલ. અંગે સમાચાર પત્ર સંદેશની ન્યુઝની કાપલી હતી. તે જોઇને મને વિચાર આવ્યો કે શું ખરેખર વાસ્તવિકતા એવી જ હશે કે એના માટે આમ પી.આઇ.એલ. દાખલ કરવી પડે. ઉપરાંત એ જ વોટ્સઅપમાં તાજેતરમાં જ છત્તિસગઢ હાઇકોર્ટે તેનાં એક ચુકાદાથી સી.પી.એફ. કર્મચારીઓને જી.પી.એફ.માં બદલવા માટેનો ઐતિહાસિક ચુકાદો જાહેર કરેલ છે જેના ઓર્ડરની કોપી ફરતી થયેલી. આ ચુકાદો સામાન્ય તો નથી જ. આ સાથે તને જણાવી દઉં કે તારા જેવા જ એક મિત્રના જણાવ્યા અનુસાર ભારતમાં મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, બિહાર અને છત્તિસગઢ એવા ચાર રાજ્યો છે જ્યાં સી.પી.એફ. બંધ કરી (રદ્દ કરી) ફરીથી જી.પી.એફ. શરૂ કરવામાં આવેલ છે. જી.પી.એફ. કર્મચારીઓની સરખામણીમાં સી.પી.એફ. કર્મચારીઓને થતાં ગેરલાભો મેં આ સાથેના અલગ કોઠાથી બતાવેલા છે.

| અનુ.નં. | જો કોઇ કર્મચારી જી.પી.એફ. સ્કીમના લાભ મેળવે છે તો | જ્યારે તે જ કર્મચારી સી.પી.એફ. સ્કીમના લાભ મેળવી રહ્યા છે ત્યારે |
|---|---|---|
| ૧ | બેઝિકના ૧૦% થી ૫૦% સુધી કપાત જેના પર સરકાર ૮ થી ૯ ટકા સુધીનું વ્યાજ આપે છે. | બેઝિક + મોંઘવારીના ૧૦% સુધી કપાત + તેટલો જ સરકારી ફાળો<br>આ રકમ માર્કેટમાં રોકાણ થાય છે જે બજારના ચઢ-ઉતર સાથે સંબંધિત છે. |
| ૨ | <u>રીટાયર્ડમેન્ટ વખતે :-</u><br>કપાત + વ્યાજ + ગ્રેજ્યુઇટી + વધારાની ગ્રેજ્યુઇટી | <u>રીટાયર્ડમેન્ટ વખતે :-</u><br>ઉપરોક્ત રકમની ૬૦% રકમ તથા ગ્રેજ્યુઇટી મળવાપાત્ર છે. |
| ૩ | <u>સને ૨૦૩૫માં આવનાર સામાજીક જવાબદારીઓ જે બન્ને સંજોગોમાં એક સમાન જ રહેવાની છે :-</u><br>(૧) ૪૦,૦૦,૦૦૦/- ગુજરાતનાં વિકસિત શહેરમાં ઘરનું ઘર (જૂનું ઘર વેચીને, જો હોય તો)<br>(૨) ૦૮,૦૦,૦૦૦/- સરેરાશ બે સંતાનોનાં લગ્ન<br>(૩) ૧૦,૦૦,૦૦૦/- સરેરાશ બે સંતાનોનાં નોકરી અથવા ધંધા-રોજગાર અથવા ઉચ્ચ ભણતર માટે રોકાણ<br>(૪) ૦૪,૦૦,૦૦૦/- સરેરાશ બે બહેનોને ત્યાં આપવાનું મામેરૂં<br>(૫) ૦૪,૦૦,૦૦૦/- એક પૂત્ર અને એક પૂત્રી હોવાનાં સંજોગોમાં પૂત્રીનું કરિયાવર<br>રીટાયર્ડમેન્ટ બાદ કુલ ખર્ચ :- ૬૬,૦૦,૦૦૦/- | |

| | | |
|---|---|---|
| ૪ | બાકી રહેતી મરણ મૂડી :-<br>તેમણે કરેલ બચત પ્રમાણે ઉપરાંત પેન્શન તો ખરૂં જ. | બાકી રહેતી મરણ મૂડી :-<br>સી.પી.એફ. કર્મચારીને નિવૃતિ સમયે જે રકમ મળશે તે જે-તે સમયના બજાર પર આધારિત હશે, અને હાં, પેન્શન તો નથી જ. |
| ૫ | પેન્શન :-<br>(રીટાયર્મેન્ટ વખતેનાં બેઝિક + મોંઘવારી) નાં ૫૦%<br>હાલ જો બેઝિક રૂ.૨૩૮૦૦/- છે તો નિવૃતિ સમયે બેઝિક રૂ. ૫૦,૪૦૦/- હશે અને તે મુજબ પેન્શન આશરે રૂ. ૨૫,૦૦૦/-<br>ઉપરાંત વખતોવખત થતાં ડી.એ. તેમજ અન્ય વધારા તો ખરાં જ. | પેન્શન :-<br>મળવાપાત્ર નથી.<br>પેન્શનની અવેજીમાં બાકી રહેતી ૪૦% રકમનું જે-તે સમયેનાં વ્યાજદર મુજબનું વ્યાજ.<br>જો બાકી રહેતી ૪૦% રકમ આશરે રૂ. ૧૦ લાખ હોય તો તેનું આશરે ૫ થી ૬ ટકા જેટલું સારૂં વ્યાજ ગણતાં વાર્ષિક વ્યાજ રૂ. ૫૦ થી ૬૦ હજાર મુજબ માસિક પેન્શન આશરે ૪ થી ૫ હજાર રૂપિયા મળવાપાત્ર છે. |
| ૬ | મેડીકલ :-<br>રીટાયર્મેન્ટ બાદ જીવનપર્યંત મેડીકલ સેવાઓ તેમને મળે છે. | મેડીકલ :-<br>રીટાયર્મેન્ટ બાદ મેડીકલ સેવાઓ બંધ થઇ જાય છે. |
| ૭ | સરકારી જવાબદારી :-<br>રીટાયર્મેન્ટ બાદ પેન્શન કે અન્ય બાબતો માટે સરકાર જવાબદારી લે છે જે માટે એણે માત્ર સરકારને એટલે કે સંબંધિત ખાતાને જ જણાવવાનું રહે છે. | સરકારી જવાબદારી :-<br>રીટાયર્મેન્ટ બાદ પેન્શન કે અન્ય બાબતો માટે સરકાર જવાબદારી લેતા નથી જેથી તેવી પરિસ્થિતિ માટે એણે કોની સામે રાવ નાંખવાની સરકાર કે પ્રાઇવેટ સેક્ટર? |

ઉપર જણાવેલ તફાવતોને તથા તેમાંની વિસંગતતાઓ દર્શાવતી માહિતિને ધ્યાને લેવામાં આવે તો જી.પી.એફ. કર્મચારીની સરખામણીએ સી.પી.એફ. કર્મચારીનું જીવન કેટલું ભયાનક હદે દયનિય બની રહે છે.

આ સાથે મારા અંગત સ્નેહીશ્રીનું એક જીવંત ઉદાહરણ આપી રહ્યો છું. તેઓ અર્ધસરકારી ખાતામાંથી સને ૧૯૭૭થી સને ૨૦૦૭ સુધીની નોકરી કર્યા બાદ રીટાયર્ડ થયેલ છે. તેમને નોકરી દરમિયાનની કપાત, તે કપાતનું વ્યાજ, ગ્રેજ્યુઇટી તથા વધારાની ગ્રેજ્યુઇટી (૧/3) તે તમામ રકમો મળીને કુલ્લે દસ લાખ જેટલી રકમ મળેલી જેમાંથી તેઓએ ત્રણ સંતાનોનાં લગ્ન, એક સંતાનનું ઉચ્ચ શિક્ષણ (અન્ય બે સંતાનોએ ઉચ્ચ શિક્ષણ મેળવી લીધેલ હતું), ઘરનું ઘર જેવા માતબર ખર્ચાઓ નિભાવેલ છે. ઉપરાંત તેઓ જ્યારે રીટાયર્ડ થયા ત્યારે તેમને સને ૨૦૦૭માં રૂ. ૫૮૦૦/- પેન્શન મળતું હતું જે હાલે સને ૨૦૧૮માં છેલ્લા માસમાં ૨૪,૬૦૦/- જેટલી રકમ મળી રહી છે. તથા વખતોવખતનાં વધારા તેમને આજીવન મળતાં રહેશે. તથા તેમના અવસાન બાદ તેમની પત્નીને તેનો લાભ મળતો રહેશે.

ચાલ, તને બીજું એક ઉદાહરણ આપું છું. એક કર્મચારી મિત્ર ૨૦૦૩માં જી.પી.એફ. સ્કીમથી દાખલ થાય છે. અને બીજા એક કર્મચારી મિત્ર ૨૦૦૬માં સી.પી.એફ. સ્કીમથી દાખલ થાય છે. જો આકસ્મિક કારણોસર બન્ને વ્યક્તિઓ પોતાના ફંડ રીટાયર્મેન્ટ પહેલા જ વાપરી નાંખે છે. હવે તેમની પાસે કોઇ જ રકમ રીટાયર્ડમેન્ટ વખતે મળવાપાત્ર રહી નથી. તે સંજોગોમાં પહેલા મિત્ર તો પેન્શનપાત્ર નોકરી હોવાથી જીવન માનભેર ગુજારી શકશે જ્યારે બીજા મિત્ર અંગે એવું કહેવું મુશ્કેલ છે.

ઉપરાંત આકસ્મિક કારણોસર જો જી.પી.એફ. કર્મચારી ચાલુ નોકરીએ મૃત્યુ પામે છે તો તેના પરિવારને પેન્શન મળે છે, જ્યારે જો સી.પી.એફ. કર્મચારી ચાલુ નોકરીએ મૃત્યુ પામે છે તો તેના પરિવારનું શું? (એક ચોક્કસ રકમ મળવાપાત્ર છે એવું મેં હાલમાં જ જાણેલું છે, પરંતુ તે રકમ કેટલો સમય ચાલશે? અને ત્યારબાદ....?)

ઉપરોક્ત જીવંત ઉદાહરણો તથા જી.પી.એફ. અને સી.પી.એફ.નો તફાવત દર્શાવતો કોઠો જોતાં સ્વાભાવિક જ જણાઇ આવે છે કે જી.પી.એફ. કર્મચારી તેમજ સી.પી.એફ. કર્મચારીનું નિવૃતિનું જીવન કેવું વ્યતિત થઇ રહેશે. જી.પી.એફ. કર્મચારી પાસે હાથ પર તેમનાં આકસ્મિક ખર્ચાઓને પહોંચી વળવા પૂરતું ભંડોળ હશે, ઉપરાંત જીવન નિર્વાહ માટે પેન્શનનો મજબૂત આધાર પણ હશે જ. જ્યારે સી.પી.એફ. કર્મચારી પાસે આકસ્મિક ખર્ચાઓ તો દૂર પરંતુ પોતાના જીવનનિર્વાહનો પણ યક્ષ પ્રશ્ન આવીને ઊભો રહેવાનો છે. આ સંજોગોમાં એક સવાલ ઉપસ્થિત થાય છે કે, પોતાનાં જીવનનાં અમૂલ્ય ત્રણ દાયકા સરકારને આપ્યા બાદ, પૂરી નિષ્ઠા અને ઇમાનદારીથી કર્તવ્યપાલન કર્યા બાદ સી.પી.એફ. કર્મચારીને શું મળી રહ્યું છે? શું ૬૦ વર્ષની જૈફ વયે સી.પી.એફ. કર્મચારી અન્ય સ્થળે નોકરી શોધવા જશે, સિક્યુરીટીમાં જવાન તરીકે ઊભો રહેશે કે સિગ્નલ પર ભીખ માંગશે? વગર આવકે અને વૃદ્ધ ઉંમરે જીવન ટકાવી રાખવાનો પ્રશ્ન કેટલો જટીલ બની રહેશે, એક વાર વિચાર તો કરી જો. હાલની પરિસ્થિતિ જોતાં પેન્શન વિનાનું જીવન વિચારવું પણ કમકમાટી ઉપજાવે તેવું છે. મારે તને આ જણાવવાનું કારણ સી.પી.એફ. અને જી.પી.એફ.માં રીટાયર્મેન્ટ વખતે શું મળે છે તે નહીં પરંતુ રીટાયર્મેન્ટ બાદ શું નથી મળતું તે છે. જી.પી.એફ. કર્મચારીને જીવનપર્યંત મેડીકલ સેવાઓ મળતી રહે છે જ્યારે સી.પી.એફ. કર્મચારીઓને તે સેવાઓ મળતી બંધ થઇ જાય છે. ઉપરાંત જી.પી.એફ. કર્મચારીઓની રીટાયર્મેન્ટ બાદની પેન્શન વિગેરેની જવાબદારીઓ સરકાર નિભાવે છે જ્યારે સી.પી.એફ. કર્મચારી રીટાયર્મેન્ટ બાદ પેન્શન કે અન્ય બાબતો માટે કોના દરવાજા ખખડાવશે? અને જે પેન્શન મળવાનું છે તે પણ નહીવત જ રહેવાનું છે. ઉપરાંત જીવન નિર્વાહનો મૂળ પ્રશ્ન તો ત્યાંનો ત્યાં જ છે. તું જાતે જ એન.પી.એસ.ના પેન્શન કેલ્ક્યુલેટર પર તારી વિગતો નાંખી ચેક કરી જો, વધુ માહિતિ મળશે.

આ સાથે જોવા જેવી બાબત એ પણ છે કે, ભારત દેશ હાલે જ્યારે પ્રગતિનાં સોપાનો સર કરી રહ્યું છે તથા દરેક ક્ષેત્રે અન્ય વિકસિત દેશોની રાહ પર ચાલી રહ્યું છે ત્યારે અન્ય દેશોની જેમ બેકારી ભથ્થું, મફત શિક્ષણ, મફત મેડીકલ, સર્વેને વૃદ્ધત્વ પેન્શન, રહેઠાણની પર્યાપ્ત સુવિધાઓ તો નથી જ આપી રહ્યું પરંતુ જે જી.પી.એફ.ના રૂપમાં પેન્શન મળી રહ્યું હતું તે પણ છીનવી લીધેલ છે. તારા જેવા જ એક મિત્રના જણાવ્યા અનુસાર મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, બિહાર અને છત્તિસગઢ જેવા રાજ્યોમાં સી.પી.એફ. બંધ કરી ફરીથી જી.પી.એફ. શરૂ કરવામાં આવેલ છે, તો તેમણે કોઇક તો ગણતરી કરી જ હશે ને? શું તને સી.પી.એફ.માં જે લાભ દેખાય છે તે તેમને નહીં દેખાયો હોય?

ભારત દેશ વિકાસશીલ દેશ હોવા છતાં ભારતનું સરેરાશ આયુષ્ય ૬૦ વર્ષનું જ છે. તો શું ભારતનાં રીટાયર્ડ થયેલાઓ દેશ માટે એટલો મોટો બોજો બની રહ્યા છે કે તેમણે પોતાના જીવનના અમૂલ્ય ત્રણ દાયકાઓ દેશને આપ્યાના શિરપાવરૂપે આપણે તેમને ગર્વથી સ્વમાનભેર જીવવા પૂરતું પેન્શન પણ ન મેળવી શકે. ભારતનું સરેરાશ આયુષ્ય જ્યારે ૬૦ વર્ષનું જ છે ત્યારે ૫૮ વર્ષે કે ૬૦ વર્ષે રીટાયર્ડ થનારાં કેટલો સમય પેન્શન લઇ શકશે? શું તેટલો સમય પણ સ્વમાનભેર જીવવાનો તેમનો હક્ક નથી? પોતાના અમૂલ્ય જીવન દરમિયાન દેશની સેવા કર્યા બાદ તેઓ દેશ પાસેથી એટલી પણ આશા ના રાખી શકે?

ઉપરોક્ત ચર્ચા કર્યા બાદ મારે તને એક જ વાત કહેવી છે કે, કે તું કોઇ પણ સરકારી ખાતાનો અને કોઇ પણ વર્ગનો કર્મચારી હોય પરંતુ આપણી તમામની પરિસ્થિતિ લગભગ એક સમાન જ થવાની છે. આપણે આપણા વૃદ્ધત્વને શા માટે અંધકારમય થતું જોઇ રહ્યા છીએ? આપણે આવું જોઇ જ કેવી રીતે શકીએ? મારી સામે આ પ્રશ્ન આવ્યો ત્યારથી અત્યાર સુધી હું રાત્રે શાંતિથી સૂઇ પણ શક્યો નથી, તું કઇ રીતે આટલી શાંતિથી સૂઇ રહ્યો છે? મારી તને બે હાથ જોડીને નમ્ર વિનંતિ છે કે, તું આ વિષયમાં પ્રત્યક્ષ રસ દાખવે અને ભવિષ્ય દયનિય સ્થિતિથી પોતાને બચાવવા અવશ્ય પગલાં લે. એ તો જ શક્ય છે કે સરકાર તેની સી.પી.એફ.સ્કીમને બદલી તેને જી.પી.એફ.સ્કીમમાં કન્વર્ટ કરી આપે. જો મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, બિહાર અને છત્તિસગઢ સરકાર સી.પી.એફ. સ્કીમને જી.પી.એફ. સ્કીમમાં બદલી આપતી હોય તો અહીં તે કેમ લાગુ ના પાડી શકાય?

આને માટે જરૂર છે સંગઠિત થવાની અને એક થઇને પરિસ્થિતિનો સામનો કરવાની. કારણ કે મિત્ર, આપણી પાસે હવે સમય જ નથી. સી.પી.એફ. કર્મચારીઓ સને ૨૦૩૦થી રીટાયર્ડ થવા લાગશે, અને ખરી પરિસ્થિતિ ત્યારે સામે આવીને ઉભી રહેશે. અને ત્યારે આપણે કશું કરી શકવાની સંજોગોમાં નહીં હોઇએ. આગ લાગવાને હજુ સમય છે, તો શા માટે આપણે કુવો ખોદવા માટે આગ લાગવાની રાહ જોવી જોઇએ? તો મિત્ર, હજુ પણ સમય છે. આ પત્ર મળ્યે તુરંત જ સંગઠિત થવા અને કરવા અંગે સભાન પગલા લે, લોકલ લેવલે કામ કરતા યુનિયનને આ વિકટ પરિસ્થિતિથી અવગત કરાવ. તેમજ અન્યને પણ આ માટે સભાન કર. અને વડીલ કર્મચારીશ્રીઓની મદદ લે અને આગળ વધ.

મારૂં એવું નિવેદન છે કે, તું અને તારા તમામ સાથી કર્મચારી તમારી સહી અને રજૂઆત સાથે તમારા લોકલ યુનિયનને એક લેખિત અરજી કરો, જે અરજી તમારૂં લોકલ યુનિયન તમારા મેઇન યુનિયનને મોકલશે, જ્યાંથી સરકારી કર્મચારી મહામંડળ આગળ એ રજૂઆત મોકલવામાં આવે અને ત્યારબાદ સરકારી કર્મચારી મહામંડળ તે રજૂઆત ગુજરાત સરકારને કરશે.

આગ્રહભરી વિનંતિસહ,

તારો મિત્ર,

**Statement showing C.P.F. contribution as per if**

**The person whose birth in Sep 1977 and have a job in Government sector in Sep 2013**

| Month & Year | Basic Pay | Grade Pay | D.A. | Total | C.P.F. Deduction 10% | Govrnment Contribution | Total |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 3 | 4 | 5 | 6 | |
| Oct - 13 | 5830 | 1900 | 6184 | 13914 | 1391 | 1391 | 2782 |
| Nov 13 to March 14 | 5830 | 1900 | 6957 | 73435 | 7344 | 7344 | 14688 |
| April to June 14 | 5830 | 1900 | 7730 | 46380 | 4638 | 4638 | 9276 |
| July to Sep 14 | 6070 | 1900 | 7970 | 47820 | 4782 | 4782 | 9564 |
| Oct 14 to April 15 | 6070 | 1900 | 8528 | 115486 | 11549 | 11549 | 23098 |
| May & June 15 | 6070 | 1900 | 9006 | 33952 | 3395 | 3395 | 6790 |
| July to Sep 15 | 6310 | 1900 | 9277 | 52461 | 5246 | 5246 | 10492 |
| Oct & Nov 15 | 6310 | 1900 | 9770 | 35960 | 3596 | 3596 | 7192 |
| Dec 15 to April 16 | 6560 | 1900 | 10067 | 92635 | 9264 | 9264 | 18528 |
| May to July 16 | 6560 | 1900 | 10575 | 57105 | 5711 | 5711 | 11422 |
| August to Dec 16 | 23100 | | 462 | 117810 | 11781 | 11781 | 23562 |
| Jan to June 17 | 23100 | | 924 | 144144 | 14414 | 14414 | 28828 |
| July to Dec 17 | 23800 | | 1190 | 149940 | 14994 | 14994 | 29988 |
| Jan to June 18 | 23800 | | 1666 | 152796 | 15280 | 15280 | 30560 |
| July to Dec 18 | 24500 | | 1715 | 157290 | 15729 | 15729 | 31458 |
| Jan to June 19 | 24500 | | 1715 | 157290 | 15729 | 15729 | 31458 |
| July to Dec 19 | 25200 | | 1764 | 161784 | 16178 | 16178 | 32356 |
| Jan to June 20 | 25200 | | 1764 | 161784 | 16178 | 16178 | 32356 |
| July to Dec 20 | 26000 | | 1820 | 166920 | 16692 | 16692 | 33384 |
| Jan to June 21 | 26000 | | 1820 | 166920 | 16692 | 16692 | 33384 |
| July to Dec 21 | 26800 | | 1876 | 172056 | 17206 | 17206 | 34412 |
| Jan to June 22 | 26800 | | 1876 | 172056 | 17206 | 17206 | 34412 |
| July to Dec 22 | 27000 | | 1890 | 173340 | 17334 | 17334 | 34668 |
| Jan to June 23 | 27000 | | 1890 | 173340 | 17334 | 17334 | 34668 |
| July to Dec 23 | 28400 | | 1988 | 182328 | 18233 | 18233 | 36466 |
| Jan to June 24 | 28400 | | 1988 | 182328 | 18233 | 18233 | 36466 |
| July to Dec 24 | 29300 | | 2051 | 188106 | 18811 | 18811 | 37622 |
| Jan to June 25 | 29300 | | 2051 | 188106 | 18811 | 18811 | 37622 |
| July to Dec 25 | 37500 | | 2625 | 240750 | 24075 | 24075 | 48150 |
| Jan to June 26 | 37500 | | 2625 | 240750 | 24075 | 24075 | 48150 |
| July to Dec 26 | 38600 | | 2702 | 247812 | 24781 | 24781 | 49562 |
| Jan to June 27 | 38600 | | 2702 | 247812 | 24781 | 24781 | 49562 |
| July to Dec 27 | 39800 | | 2786 | 255516 | 25552 | 25552 | 51104 |
| Jan to June 28 | 39800 | | 2786 | 255516 | 25552 | 25552 | 51104 |
| July to Dec 28 | 41000 | | 2870 | 263220 | 26322 | 26322 | 52644 |
| Jan to June 29 | 41000 | | 2870 | 263220 | 26322 | 26322 | 52644 |
| July to Dec 29 | 42200 | | 2954 | 270924 | 27092 | 27092 | 54184 |
| Jan to June 30 | 42200 | | 2954 | 270924 | 27092 | 27092 | 54184 |
| July to Dec 30 | 43500 | | 3045 | 279270 | 27927 | 27927 | 55854 |
| Jan to June 31 | 43500 | | 3045 | 279270 | 27927 | 27927 | 55854 |
| July to Dec 31 | 44800 | | 3136 | 287616 | 28762 | 28762 | 57524 |
| Jan to June 32 | 44800 | | 3136 | 287616 | 28762 | 28762 | 57524 |
| July to Dec 32 | 46100 | | 3227 | 295962 | 29596 | 29596 | 59192 |
| Jan to June 33 | 46100 | | 3227 | 295962 | 29596 | 29596 | 59192 |
| July to Dec 33 | 47500 | | 3325 | 304950 | 30495 | 30495 | 60990 |
| Jan to June 34 | 47500 | | 3325 | 304950 | 30495 | 30495 | 60990 |
| July to Dec 34 | 48900 | | 3423 | 313938 | 31394 | 31394 | 62788 |
| Jan to June 35 | 48900 | | 3423 | 313938 | 31394 | 31394 | 62788 |
| July to Sep 35 | 50400 | | 3528 | | 0 | 0 | 0 |
| TOTAL | | | | | 905743 | 905743 | 1811486 |
| નોંધ નં. 3 પ્રમાણે આશરે સાત લાખનો ઉમેરો કરેલ છે. | | | | | | | 2500000 |
| રીટાયર્ડમેન્ટ વખતે કુલ રકમના મળવાપાત્ર રકમ | | | | | | 60 ટકા | 1500000 |
| ગ્રેજ્યુઇટી આશરે (નોકરીના વર્ષ મુજબ મળવાપાત્ર) | | | | | | | 620172 |
| 300 હક્ક રજાનો રૂપાંતરિત પગાર | | | | | | | 539280 |
| કુલ મળેલ રોકડ શબ્દોમાં છવ્વીસ લાખ ઓગણસાઇઠ હજાર ચારસો બાવન પુરા | | | | | | | 2659452 |
| પેન્શન :- બાકી રહેતી ૪૦% રકમ (૧૦,૦૦,૦૦૦/- રૂપિયા) નું વ્યાજ આશરે ૫ થી ૬% વાર્ષિક સાદું વ્યાજ ગણવામાં આવે તો માસિક પેન્શન | | | | | | | ૪થી ૫ હજાર રૂપિયા માસિક |

નોંધ :-

(૧) પ્રથમ માસનો પગાર કપાતમાં સામેલ નથી, પ્રથમ માસનો પગાર છોડીને કપાત ગણવામાં આવેલી છે.
(૨) જુલાઇ ૨૦૨૫થી હાયર ગ્રેડનો લાભ ગણી પગાર આકારેલ છે.
(૩) જો વખતો વખત થતાં વધારા અને મોંઘવારી તથા ભથ્થા ગણવામાં આવે તો આ રકમમાં થતો વધારો આખરમાં દર્શાવેલ છે.

(૪) હાલ સાતમા પગાર પંચનો લાભ મળી રહેલ છે, ભવિષ્યમાં આઠમું કે અન્ય પગાર પંચના લાભ નથી મળતા તેમ ગણી તેમજ હાલના ૭% મોંઘવારીને જ આખરી ગણી ઉપરની તમામ ગણતરી આકારેલ છે.

(૫) આખરના ત્રણ માસ માટે કપાત બંધ કરેલ છે.

(૬) જી.પી.એફ. તેમજ સી.પી.એફ. બન્ને માટે એક સમાન સંજોગો ગણી ભવિષ્યની શક્યતાઓને ધ્યાને લઇ ગણતરી આકારેલ છે.

**Statement showing G.P.F. contribution as per if**

**The person whose birth is in Sep 1977 and have a job in Government sector in Sep 2013**

| Month & Year | Basic Pay | Grade Pay | D.A. | Total Basic X Month | G.P.F. Deduction As per 10% | G.P.F. Deduction As per 35% | G.P.F. Deduction As per 50% |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 3 | 4 | | | 5 |
| Oct - 13 | 5830 | 1900 | | 7730 | 773 | 2706 | 3865 |
| Nov 13 to March 14 | 5830 | 1900 | | 38650 | 3865 | 13528 | 19325 |
| April to June 14 | 5830 | 1900 | | 23190 | 2319 | 8117 | 11595 |
| July to Sep 14 | 6070 | 1900 | | 23910 | 2391 | 8369 | 11955 |
| Oct 14 to April 15 | 6070 | 1900 | | 55790 | 5579 | 19527 | 27895 |
| May & June 15 | 6070 | 1900 | | 15940 | 1594 | 5579 | 7970 |
| July to Sep 15 | 6310 | 1900 | | 24630 | 2463 | 8621 | 12315 |
| Oct & Nov 15 | 6310 | 1900 | | 16420 | 1642 | 5747 | 8210 |
| Dec 15 to April 16 | 6560 | 1900 | | 42300 | 4230 | 14805 | 21150 |
| May to July 16 | 6560 | 1900 | | 25380 | 2538 | 8883 | 12690 |
| August to Dec 16 | 23100 | | | 115500 | 11550 | 40425 | 57750 |
| Jan to June 17 | 23100 | | | 138600 | 13860 | 48510 | 69300 |
| July to Dec 17 | 23800 | | | 142800 | 14280 | 49980 | 71400 |
| Jan to June 18 | 23800 | | | 142800 | 14280 | 49980 | 71400 |
| July to Dec 18 | 24500 | | | 147000 | 14700 | 51450 | 73500 |
| Jan to June 19 | 24500 | | | 147000 | 14700 | 51450 | 73500 |
| July to Dec 19 | 25200 | | | 151200 | 15120 | 52920 | 75600 |
| Jan to June 20 | 25200 | | | 151200 | 15120 | 52920 | 75600 |
| July to Dec 20 | 26000 | | | 156000 | 15600 | 54600 | 78000 |
| Jan to June 21 | 26000 | | | 156000 | 15600 | 54600 | 78000 |
| July to Dec 21 | 26800 | | | 160800 | 16080 | 56280 | 80400 |
| Jan to June 22 | 26800 | | | 160800 | 16080 | 56280 | 80400 |
| July to Dec 22 | 27000 | | | 162000 | 16200 | 56700 | 81000 |
| Jan to June 23 | 27000 | | | 162000 | 16200 | 56700 | 81000 |
| July to Dec 23 | 28400 | | | 170400 | 17040 | 59640 | 85200 |
| Jan to June 24 | 28400 | | | 170400 | 17040 | 59640 | 85200 |
| July to Dec 24 | 29300 | | | 175800 | 17580 | 61530 | 87900 |
| Jan to June 25 | 29300 | | | 175800 | 17580 | 61530 | 87900 |
| July to Dec 25 | 37500 | | | 225000 | 22500 | 78750 | 112500 |
| Jan to June 26 | 37500 | | | 225000 | 22500 | 78750 | 112500 |
| July to Dec 26 | 38600 | | | 231600 | 23160 | 81060 | 115800 |
| Jan to June 27 | 38600 | | | 231600 | 23160 | 81060 | 115800 |
| July to Dec 27 | 39800 | | | 238800 | 23880 | 83580 | 119400 |
| Jan to June 28 | 39800 | | | 238800 | 23880 | 83580 | 119400 |
| July to Dec 28 | 41000 | | | 246000 | 24600 | 86100 | 123000 |
| Jan to June 29 | 41000 | | | 246000 | 24600 | 86100 | 123000 |
| July to Dec 29 | 42200 | | | 253200 | 25320 | 88620 | 126600 |
| Jan to June 30 | 42200 | | | 253200 | 25320 | 88620 | 126600 |
| July to Dec 30 | 43500 | | | 261000 | 26100 | 91350 | 130500 |
| Jan to June 31 | 43500 | | | 261000 | 26100 | 91350 | 130500 |
| July to Dec 31 | 44800 | | | 268800 | 26880 | 94080 | 134400 |
| Jan to June 32 | 44800 | | | 268800 | 26880 | 94080 | 134400 |
| July to Dec 32 | 46100 | | | 276600 | 27660 | 96810 | 138300 |
| Jan to June 33 | 46100 | | | 276600 | 27660 | 96810 | 138300 |
| July to Dec 33 | 47500 | | | 285000 | 28500 | 99750 | 142500 |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **Jan to June 34** | 47500 | | | 285000 | 28500 | 99750 | 142500 |
| **July to Dec 34** | 48900 | | | 293400 | 29340 | 102690 | 146700 |
| **Jan to June 35** | 48900 | | | 293400 | 29340 | 102690 | 146700 |
| **July to Sep 35** | 50400 | | 3528 | | | | 0 |
| **TOTAL** | | | | | **821884** | **2876597** | **4109420** |
| નોંધ નં. 3 પ્રમાણે આશરે સાત લાખનો ઉમેરો કરેલ છે. | | | | | **1500000** | **3500000** | **4800000** |
| વ્યાજ આશરે ૫.૫% મુજબ (આનાથી તો વધારે જ મળશે) | | | | | 82500 | 192500 | 264000 |
| ગ્રેજ્યુઇટી આશરે (નોકરીના વર્ષ મુજબ મળવાપાત્ર) | | | | | 620172 | 620172 | 620172 |
| વધારાની ગ્રેજ્યુઇટી (૧/3) આશરે | | | | | 206724 | 206724 | 206724 |
| રીટાયર્ડમેન્ટ વખતે કુલ રકમના મળવાપાત્ર રકમ | | | | | **2409396** | **4519396** | **5890896** |
| 300 હક્ક રજાનો રૂપાંતરિત પગાર | | | | | 539280 | 539280 | 539280 |
| **કુલ મળેલ રકમ** | | | | | **2948676** | **5058676** | **6430176** |
| પેંશન છેલ્લા બેઝિક પગારના ૫૦%<br>ઉપરાંત વખતોવખત થતાં વધારાનો લાભ તો ખરો જ | | | | | **25200** | **25200** | **25200** |

નોંધ :-

(૧) પ્રથમ માસનો પગાર કપાતમાં સામેલ નથી, પ્રથમ માસનો પગાર છોડીને કપાત ગણવામાં આવેલી છે.
(૨) જુલાઇ ૨૦૨૫થી હાયર ગ્રેડનો લાભ ગણી પગાર આકારેલ છે.
(3) જો વખતો વખત થતાં વધારા અને મોંઘવારી તથા ભથ્થા ગણવામાં આવે તો આ રકમમાં થતો વધારો આખરમાં દર્શાવેલ છે,

(૪) નિયમ મુજબ જી.પી.એફ. કર્મચારી બેઝિકના ૧૦% થી ૫૦% રકમ કપાત કરાવી શકે છે, અહીંયા જો તે પોતાના જીવન દરમિયાન ૧૦%, ૩૫% તેમજ ૫૦% પ્રમાણે પગાર કપાત કરાવે છે તે મુજબ કપાત આકારેલ છે, એમ ત્રણ અલગ અલગ ગણતરી કરેલ છે.

(૫) હાલ સાતમા પગાર પંચનો લાભ મળી રહેલ છે, ભવિષ્યમાં આઠમું કે અન્ય પગાર પંચના લાભ નથી મળતા તેમ ગણી તેમજ હાલના ૭% મોંઘવારીને જ આખરી ગણી ઉપરની તમામ ગણતરી આકારેલ છે.

(૬) આખરના ત્રણ માસ માટે કપાત બંધ કરેલ છે.

(૭) જી.પી.એફ. તેમજ  સી.પી.એફ. બન્ને માટે એક સમાન સંજોગો ગણી ભવિષ્યની શક્યતાઓને ધ્યાને લઇ ગણતરી આકારેલ છે.